પણ આવી તેની દાહાજ, ધોડો હલાવી.—૭
સામે પાર ગયાં છે પાણી, હાહાકાર થઈ છે વાણી,
નાંખ્યાં ગામો બહુ તાણી, તાપી તૂટના સૈ.—૮

સાખી. ૨

તાપી તીરના ગામડાં, ઘસડાયાં તે છેક;
સામન સઉ ઘસડાઈ ગયો, વહ્યાં પશું અનેક.

વહયાં પશુ રે વહયાં પશુ, અની હરિ વહયાં પશુ,
વહયાં પશુ ભેંસ ગાય, તે સજીવન તરતાં જાય,
પણ કોણ કરે જો સાહસ, બળ પૂરતું ઘણું.—૧
ખાટ પાટ માટ તરતાં, અનેક દીઠા જંતુ મરતાં,
ધણીઓ રહયાં તેના રડતાં, ઉભા જોયારે કરે.—૨
કોઇ ઝાડે ચઢીયા લોક, છાપરા ઉપર ચઢીયા કોક,
બેઠાં બેઠાં કરે શોક, પાણી જોઇ જોઇને.—૩
કોઇ કાઢે કાષ્ટ તરી, લાવે મોટાં નાવો ભરી,
હામ તેની ભાઇ ખરી, માંહે ઝંપલાવે.—૪
હોડી એક લક્કડને માટ, ઢોઅર ભરી માંહી સાત,
ગઇ ઉભી પાણી વાટ, તેની ઝાંઝીરે વળી.—૫
તેને સહાય થઇ સરકાર, છી કહાડયા સાતે બહાર,
નહીં તો રાંડત તેની નાર તે ફૂટા ફૂટ.—૬

એમ થયો બહુ ગભરાટ, રોકી પાણીએ તો વાટ,
આવ્યો દોડી તેથી પ્રાટ, કલેકટર જે છે.—૭
તેણે કીધી દોડા દોડ, સાથે પાંડુરંગની જોડ,
તેણે કાહાડયો ઘણો તોડ, પ્રજા ઊગારવા.—૮

સાખી. ૩

પ્રજા તણું દુઃખ જોઈને, સરકારી નોકર;
આવ્યા તે ઉતાવળા, ખરે ખરા તે નર.

આવ્યા દોડીરે આવ્યા દોડી, અની હાંરે આવ્યા દોડી,
આવ્યા દોડી નોકર ઘણા, તેની મેહેનતમાં નહીં મણા,
હીરજી મોતી બેઊ જણા, ફોજદારો છે.—૧
કીધો હુકમ મીસ્તર પ્રાટ, લાવો ભોજન ગરીબ માટ,
નહીં તો જશો નીકળી કાટ, તમે ઝડપ કરો.—૨
મોતીલાલ પોલીસના શેઠ, ગયા રેલ ઓળંગી ઠેઠ,
બહુ કીધી તેણે વેઠ, ક્ષીપ્રા લઇને ચઢયા.—૩
ખીચડી આઠ મણ તો લઈ, આપી ગરીબોને જઇ,
સાથે મીઠું મસાલો દઇ, આવ્યા હોડીમાં.—૪
રૂપીઆ એક સો ને શોળ, આના સવાદશ તે જોડ,
ખરચ્યા મનમાં આણી કો[illegible] સેક્રેટરીએ.—૫
ઓલીવંટે કીધી હોંસ, [illegible]ન સાહેબની ખોંસ,

મીસ્તર ઞાંગીને કીધી બોંમ, રેલ અટકાવવા.૬
જગજીવને માર્યું જોર, ડોશાભાઇનો બહુ તોર,
માર્યો એ લોકોએ મોર, તેથી બચીઆ લોક.—૭
ઇડોતેરતણી જે રેલ, તાણુંના જોયાતાં ફેલ,
તેના સરખી આતો છેલ, સહુ ભાખે છે.—૮

સાખી. ૪

ભાખે મુખથી લોક જો, આ તો મોટી રેલ;
કરતી દોડ આવી ખરી, જાણે બેશી વેહેલ.

વેહેલ બેશીરે વેહેલ બેશી, અની હરિ વેહેલ બેશી,
વેહેલ બેશી આવી ધાઇ, થાઓ પવિત્ર એમાં નાઇ,
નવસો નવ્વાણુંની માઇ, મોટું તીરથ છે.—૧
તેને જોવા આવ્યા લોક, આવે ટોળાં થોકે થોક,
ઘરની માંહીં રહ્યું કોક, મેળો ઉભરાયો.—૨
નર નારી વ્રદ્ધને બાળ, રેલ જોઇ વીકરાળ,
મુખે દે છે તેને ગાળ, રાંડ ક્યાંથીરે આવી.—૩
બહુ ચાલે પગે પાળા, સંગે લઇને બચ્ચાં બાળા,
ડરતા જોઇ ભર્યાં જે નાળા, સહુ નરને નાર.—૪
કોઇતો વેહેલે બેસી ફરતાં, આજીજી ઇશ્વરની કરતાં,
દેખી અનેક ચીજો તરતાં, બહુ કાંપે છે.—૫

આણી રીતે થયો ગભરાટ, વાળ્યો રેલે બહુ દાટ,
કાઢયો અનેક જીવનો કાટ, એવી નીરદય છે.—૬
આપે હોપજીને આશીશ, મુકી અંતરમાંની રીસ,
કરજો રૂડું તેનું ઇશ, વદે જન વાણી.—૭
ગોઠવણુ કીધી તેણે સારી, પુરી જમીન ખોદી ખાડી,
રેલ કાઢી પરભારી, એવો ચતુરજ છે.—૮

ગરબી બીજી.

મારા આજ પ્રીતમ ઘેર આવશે, મુને હેત કરીને બોલા-
વશે જીરે—મારા—એ રાગ.

હારે આવી રેલ ભયંકર આજમાં, હારે ઓગણીસો,
બત્રીશના રાજમાં જીરે—આવી—ટેક,
પોહોર ચૌદ લગી તો પાણી આવીઆં,
હારે પછી બુધની રાતે સીધાવીઆં જીરે—આવી. ૧
હારે ત્યારે રણશીંગડાં ફૂંકાવીઆં,
હારે ફર્યાં પૂરના બજારમાં નાવીઆંજીરે—આવી. ૨
હારે સરવે ઘરનો તે ધંધો વીસર્યાં,
હારે જોવા રેલ અનેક જન નીસર્યાંજીરે—આવી. ૩
હારે બંધ રહીઓ કચેરી દરબારની,

હારે મુકી આશ લોકોએ ઘર બારનીજીરે—આવી. ૪
હારે હડતાલ પડી તે સારા પૂરમાં,
હારે નહીં ચેન આરામ કેના ઉરમાં જીરે—આવી. ૫
હારે ખરો શ્રમ સરકારી લોકનો,
હારે તેણે કાપ્યો દીવસ માઠા શોકનોજીરે—આવી. ૬
હારે સુધરાઈ ખાતાના જશ સ્વામીઆ,
હારે પાંડુરંગ ને પરાટ જશ પામીઆજીરે—આવી. ૭
હારે સારો જડજ કેહેવાયો ખરશુડજો,
હારે જેને હૈયે કપટ નહીં કુડજોજીરે—આવી. ૮
હારે દાડાદાટ કરી તે આખા પૂરમાં,
હારે થયો તેથી વધારો તેના નૂરમાંજીરે—આવી. ૯
હારે બહુ બહુ જીવો એવા જનજો,
હારે એવા પુત્ર જાયા તેને ધંનજોજીરે—આવી. ૧૦
હારે જેણે જંન અનેકને ડારીઆ,
હારે તેનાં દુખડાં જમીનમાં ગાઢીઆંજીરે—આવી. ૧૧
હારે જોવા આવ્યા જનો બે જાતના,
હારે તેનાં નામ ગણાવું નાત નાતનાજીરે—આવી. ૧૨

ગરબી ત્રીજી.

ધન ધનરે તાપી માત, જગતને તારે છે,
આવું સુરત સરખું શેહેર, દેવાળાં કાઢેછે—એ રાગની.

આવ્યા આવ્યારે વિપ્ર અનેક, જોવાને કાજે,
અપરભીત થયા તે લોક, ઉદક જે બહુ ગાજે—એ ટેક.
વણિકતણાં ટોળાં જોવાને, આવે સરીતા તીરરે;
જોઇ જગ ઝબકે થંભે તે સ્થળ, ભલભલા જે વીર.જોવાને૧
ખતરી ખારવા ખોજા લોકો, કણબી કોળી કુંભારરે;
કંસારા કાછીઆ ને કડીઆ, આવે વારમ વાર. જોવાને ૨
ઘાંચી ગોલા ગળીઆરા ને, ઘામટાની જે જાતરે;
મોચી માળી કોઈ મરેઠા, આવે જોવા માટ. જોવાને. ૩
મછીમાર મુસલમાન લોકો, સોની સુથાર તે સંગેરે;
સાગુવી શ્રાવક સલાટ સાળવી, આવે મોટેઉમંગે.જોવાને૪
દરજી દુબળા લુવાર લવાણા, પરભુને પંચોળીરે;
પારશી ને પુરવીઆ તેતો,આવે શીરકેશ હોળી.જોવાને.૫
ભાવસારને ભોઈભરાયા, ભંગીઆ ને ભંડારીરે;
ભાડભુજાને ભાટ ઘણાતે, ભડકે જોતાંવારી. જોવાને. ૬
હજામ હોરા ઘેડ ઘોબી ને, રાવળીઆ રજપૂતરે;
વાઘરિ વેરાગી વાંસફોડાના, આવે જુથપરજુથ.જોવાને.૭
તપોધન તરગારા જોગી, ચોધરી ચમારની નાતરે;
ભાટીઆ ને ઓડીઆ ફીરંગી, કુલ અંગરેજનીજાત.જો૮
એ આદિક અનંત જાતના, લોકો દોડી આવેરે;
તે જોઈ દેશી મિત્રતણાતો, મંછારામઉર ભાવેરે. જોવાને.૯

ગરબી ચોથી.

મોહોલે પધારો મારા રાજ, માણીગર મોહોલે પધારો.
(એ રાગની.)

બુડી મુઓ પેસ્તંન, અચાનક બુડી મુઓ છે;
થયા દુખી તેના તંન, અચાનક બુડો મુઓછે—ટેક.

સાખી ૧

ગયો પુલ તપાસવા. રેવા તણો અદભુત;
તુરત ગયો તાણાઇ તે, તેના રખડી ગયાં છે પૂત.
અચાનક.

સાખી. ૨

રેહેવાશી સુરત તણો, ફ્રામજીનો તંન;
પુત્ર મુવે દુખી થયો, તેનું બહુરે દાઝેછે ગંન.
અચાનક.

સાખી. ૩

રૂદન કરે નર નારીઓ, દુઃખ દીઠું નવ જાય;
ભ્રાત તાત પુત્રો મળી, કલપાંત કરછે તાંય.
અચાનક.

સાખી. ૪

માંડયું ઉડમણું બારણે, આવી ગપ ત્યાં એક;
પેસ્તન નીકળ્યો જીવતો, તેતો ઘોઘે નીકળીઓ છેક
અચાનક.

સાખી. ૫

હરખ વાધ્યો એ ટાકણે, પુર્યા ચોક પચરંગ;
ગયા દોડતા ગાડીએ, પણ થયોરે ઉમંગનો ભંગ.

અચાનક.

સાખી. ૬

દુખી થયા પુર જન સૌ, શોક વાધ્યો શરીર;
વદે લોક સૌ મુખથી, એતો હતોરે ભલો અમીર.

અચાનક.

સાખી. ૭

સાથ હતુ ઘડીઆળને, સવા બસોની નોટ;
અંગુઠી જડાવની, દશ્મો રૂપાની સોત.

અચાનક.

સાખી. ૮

ધાર્યું થયું જગદીશનું, નથી આપણે હાથ;
કરા સમરણ સો તેહનું, તે છે તાત જગતને માથ.

અચાનક.

ભરૂચની રેલનો ગરબો.

આજ બંગલેમે ઘુઘરૂ બાજે—એ રાગની.

હાંરે માહા રેલ ભરૂચમાં આવી.
આવી આવી આવી રે, માહા રેલ ભરૂચમાં આવી—ટેક.

ભાદરવા વદી બીજ અંધારી, વાર મંગળથી ફાવીરે.
માહા—૧.

નાંખ્યો પૂલ તોડી રેવાનો, અનેક ઝાડને લાવીરે. માહા-૨
મંગળની મધરાતે ભાંગ્યા, આઠ પછી અંટાવીરે. માહા-૩
જાન થયું ત્રણ લાખનું મોટું, નાંખી રેલવેને રેલે ચા-
વીરે. માહા—૪

પૂલ તપાસતાં ગયા ત્રણ પૂરમાં, એકની ખબર નવ આ-
વીરે. માહા—૫.

ગયો પેસતન ઉગર્યો રોઝારીયો, જહાંગીરની વગફાવી-
રે. માહા—૬.

એ રીતે માહા કેર કીધો છે, નાંખ્યાં અનેકને તાવીરે.
માહા—૭.

ચાર માણસની લાસ તે લાવી, થઈ અનેક પશુની ખ્વા-
રી. માહા—૮.

વાઘ ગયો ઘસડાઇને ચીત્તો, તેની દયા નવ આવીરે.
માહા—૯

દેશી મીત્ર કહે અનેક જીવના, પ્રાણ લીધા છે ધાવીરે.
માહા—૧૦.

હારે માહા કોપ કીધો બ્રગુપૂરમાં;
પૂરમાં પૂરમાં પૂરમાંરે, માહા કોપ કીધો બ્રગુપૂરમાં-ટેક.
બેરે દીવસ લગી રેલનાં પાણી, રહયાં ભરાઈ ઘરોઘરમાંરે.
માહા-૧.
ફુરજે ને ફતેપોરના બજારમાં, ઢોળ કુંભારીઆના,
મૂળમાંરે. માહા-૨
છીપવાડથી ગઈ ફાટારે તળાવમાં, ડાંડીઆ બજારગયો
પૂરમાંરે. માહા-૪.
પાર સામે બારભાડા બોળ્યું, લોક મુઆં એની સુળમાંરે.
માહા-૫.
સકરપોર ભાઠામાં રેવા, ભરાઈ ગઈ નાંખી ભૂલમાંરે.
માહા-૬.
લોક ઘેરાયા થયો હાહાકાર બહુ, લોક ઝામડીઆના
મૂળમાંરે. માહા-૭.
મદદ કરી કલેકટરે મોટી, લાવ્યા ઉગારી માહા બળમાંરે
માહા-૮.
લોકના થોક ગળ્યા બહુ જોવા, ખોયો વખત તેણે મૂળ-
માંરે. માહા-૯.
દેશી મીત્ર કહે મેળોરે ભરાયો, નથી આનંદ જન કુલ-
માંરે. માહા-૧૦

હારે બોલે લોક પરસપર વાણી;
વાણી વાણી વાણીરે, બોલે લોક પરસપર વાણી–ટેક.
પૂરવે ના પૂરથી તો આ અદકી છે, જાણે સરવની શેઠાણી-
રે. બોલે–૧

હાયરે ગજબ પરમેશ્વર રૂઠયો, અનેક જીવોની થઈ હા-
ણીરે. બોલે–૨

કોઈ કાઢે વેહેતાં સરપણ જઈ, લાવે ઝડપથી તાણીરે.
બોલે–૩

ઘર ગગડી પડીઆં આવનીપર, માલ થયો ધૂળધાણીરે.
બોલે–૪

પોલીસના પેહેરા ચોકીથી, ચોરની ગઈ કમાણીરે. બોલે ૫
આપ્યાં અંન અનાથને જઈને, ભુખથી મરતા જાણીરે.
બોલે–૭

બે દીન પછી વળગ્યાં સૌ કામે, જારે રેલ સમાણીરે.
બોલે–૬

સુકની સવારે ગયાં છેક પધારી, ઝગરેલની માહારાણીરે.
બોલે–૯

દશી મીત્ર કહે બ્રગુપૂર ઉગર્યું, તે ઈશાની મેહેરબાનીરે.
બોલે–૧૦

સમાપ્ત